## વેરીફીકેશન

**ફો.ઈન્કવાયરી નં. :– ૧૦/૨૦૨૬**

**આંક:– 3**

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

સોગંદ આપ્યા...

**કોર્ટ ઈન્કવાયરી**

(૧) મારે કંપનીનું નામ ડાયા ડીઝલના અમે બે પાર્ટનર છીએ જેમાં એક હું અને બીજા પાર્ટનરનું નામ દેથરીયા મીલનભાઈ નરેન્દ્રભાઈ છે. મારી ફેકટરીનું સરનામું મોરબી સામખીયાળી હાઈવે શીકારપુર, તા.ભચાઉ, જી. કચ્છ છે. મારા સામેની પાર્ટીનું નામ શીવા કંપનીના માલીક ભારતભાઈ રમેશભાઈ રાજપરા છે. તેની કંપની બામણબોર જી.આઈ.ડી.સી.માં આવેલી છે. હું મારી ફેકટરીમાં સીડી પાવડર બનાવું છું. ભારતભાઈ સાથે ધંધાકીય સંબંધના કારણે અવારનવાર અલગ અલગ તારીખોમાં અમો તેમને બાકી પેમન્ટથી માલ મોકલતા હતા. પછી એક દિવસે મને તેમની કંપનીએ હીસાબ કરવા બોલાવેલ ત્યારે હું અને ભારતભાઈ સામે સામે તેમની કંપનીએ બેસીને હીસાબ કલીયર કર્યો. હીસાબ કલીયર કર્યો ત્યારે મારે ભારતભાઈ પાસેથી વીસ લાખ એકાવન હજાર છસ્સોને દસ રુપીયા લેવાના નીકળેલા. પછી ભારતભાઈએ મને એવું કહ્યું કે અત્યારે તમને મારી કંપનીના એકાઉન્ટનો ચેક આપું છું જે ચેક એચ.ડી.એફ.સી. બેંક કાલાવડ રોડ, રાજકોટ શાખાનો ચેક નં.૦૦૪૮ વાળો ચેક મારી રુબરુમાં ચેકમાં ભારતભાઈએ વિગત ભરી મારી રુબરુમાં રકમ ભરી અને સહી કરી મને આપેલો. તે ચેકની રકમ સાત લાખ ત્રેવીસ હજાર નવસોને ત્રીસ રુપીયાનો ચેક આપેલો. બાકીનું પેમેન્ટ તેર લાખ સત્યાવીસ હજાર છસ્સોને એંસી રુપીયા લેવાનું મારે નીકળેલું હતું. મને ભારતભાઈએ એવું કહ્યું કે બાકીના તમારા કંપનીના એકાઉન્ટમાં એક બે મહીનામાં હું તમારા એકાઉન્ટમાં આર.ટી.જી.એસ. કરી આપીશ. પછી તે ચેક લઈ હું હળવદ પાછો આવ્યો અને તે ચેક મે તા.૧૩/૧૨/૨૫ના રોજ મારી કંપનીના એકાઉન્ટમાં

એચ.ડી.એફ.સી. બેંક હળવદ શાખામાં મે જમા કરાવેલ ત્યાંથી મને જાણ થયેલ કે બેંકવાળાએ કહેલ કે તમારા ચેકમાં સામેવાળી પાર્ટીના ખાતામાં બેલેન્સ ન હોવાથી ચેક બાઉન્સ થયેલ છે પછી મે ભારતભાઈને ટેલીફોનથી જાણ કરેલી. મને એમણે એવો જવાબ આપ્યો કે તમારાથી થાય તે કરી લો એક રુપીયો તમને દેવાનો થતો નથી. મારી સાથે તેમણે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ છે. પછી અમે ચેક લઈને અમારા વકીલ પાસે ગયા અને વકીલ મારફત તેમને નોટીસ અપાવેલી અને નોટીસનો પણ જવાબ અમોને મળેલ નથી અને પછી અમોએ કોર્ટમાં કેસ દાખલ કરેલ છે અને મારા બધા ડોકયુમેન્ટ કોર્ટમાં રજુ કરેલ છે.

..................................

**સ્થળ :– હળવદ.**

**તારીખ:– ૦૮/૦૭/૨૦૨૬**

(નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, હળવદ.

**<u>હુકમ</u>**

ફરીયાદીની ફરીયાદ, વેરીફીકેશન તથા સાથેના દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. ફરીયાદપક્ષે વિ.વ.શ્રી એલ.જી. સોનગ્રાને સાંભળ્યા. હાલની ફરીયાદ પરત્વે આ કામના આરોપીને પ્રોસેસ કાઢવા અંગે સદર ફરીયાદ ફોજદારી ફરીયાદ રજીસ્ટરે દાખલ લઈ આરોપીને મુદત તા.૧૭/૦૮/૨૦૨૬ ના રોજ બજીને પરત આવેતેરીતેસમન્સ કાઢવા હુકમ કર્યો.

**સ્થળ :– હળવદ.**
**તારીખ:–** ૦૮/૦૭/૨૦૨૬

મારી રૂબરૂ,
(નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, હળવદ.